LIKE & FOLLOW: /Mumbaisamachar4u

નિફ્ટીમાં ટાટા મોટર્સ અને નેસ્ડેકમાં એનવિડિયાને કારણે ધોવાણ

# ટાટા મોટર્સમાં રોકાણકારોએ ₹ ૧.૯૦ લાખ કરોડ ગુમાવ્યા, એનવિડિયામાં આઠ ટકાનો કડાકો

મુંબઇઃ શેરબજારની એકધારી પડતી વચ્ચે રોકાણકારોના લાખો કરોડ રૂપિયા ધોવાયા છે. નિફ્ટી ૨૮થી ૩૦ વર્ષ પછી સતત પાંચ મહિના સુધી નેગેટિવ ઝોનમાં ગબડ્યો છે. જોકે આ બધા વચ્ચે અમુક શેરમાં પણ રોકાણકારોને પારાવાર નુકસાન થયું છે, જેમનો એક શેર ટાટા મોટર્સમાં લગભગ બે લાખ કરોડ સાફ થઈ ગયા છે.

નિફ્ટીને નેગેટિવ ઝોનમાં ધકેલનારા અનેક પરિબળો એકત્ર થયા છે, પરંતુ તેના ઘટક એવા ટાટા મોટર્સના ધોવાણને કારણે તેની અવગતિ સહેજ વધુ ઝડપી બની હોવાથી બેન્ચમાર્ક ઝડપથી નીચે સરકી રહ્યો છે. એ જ રીતે, એમરિકાના નેસ્ડેક કમ્પોઝિટ ઇન્ડેક્સમાં એનવિડિયાના ધોવાણને કારણે ઝઢપી કડાકો જોવા મળ્યો છે.

અમેરિકામાં નબળા કન્ઝ્યુમર ડેટાને કારણે અમેરિકન બજારોમાં નરમાઇનો માહોલ રહ્યો હોવા સાથે નાણાકીય પરિણામની જાહેરાત અગાઉ એનવિડિયામાં ત્રણેક ટકાનો કડાકો બોલી જતાં નેસ્ડેક કમ્પોઝિટ ઇન્ડેક્સમાં દોઢેક ટકાનો ધબડકો જોવા મળ્યો હતો. આ આર્ટિફિશિયલ ઇન્ટેલિજેન્સ ચીપમેકર કંપનીના શેરમાં ૨૦૨૫ની શરૂઆતથી અત્યાર સુધીમાં આઠેક ટકાનો કડાકો બોલાયો છે.

ટાટા મોટર્સની તરફ પાછાં ફરીએ તો વિદેશના ચાવીરૂપ બજારોમાં જગુઆર લેન્ડ રોવર (જેએલઆર)ની નબળી માગ અને વ્યાપારી વાહનો તથા ઇલેક્ટ્રિક વાહનોના સેગમેન્ટમાં સ્થાનિક વેચાણની ચિંતાને કારણે ટાટા મોટર્સના શેરમાં ૪૪ ટકાનો કડાકો બોલાઈ ગયો છે. નોંધવું રહ્યું કે ટાટા મોટર્સની રેવન્યુમાં જેગુઆર લેન્ડ રોવરની વેચાણનું યોગદાન ખૂબ મહત્વનું છે અને અન્ય ઇલેક્ટ્રિક વાહનો પણ હરીફાઈમાં આવી રહ્યા છે. કંપનીની આવકમાં જેએલઆરની નિકાસ આવક ખૂબ મહત્વની છે.

શેરબજારમાં તાજેતરના કડાકાના દોરમાં ટાટા મોટર્સ સૌથી ખરાબ પ્રદર્શન કરનાર નિફ્ટી ૫૦ સ્ટોક તરીકે ઉભરી આવ્યો છે, તેના શેર જુલાઈ ૨૦૨૪માં રૂ. ૧,૧૭૯ની ટોચથી અંદાજે ૪૪ ટકાના કડાકા સાથે હાલમાં રૂ. ૬૬૧.૭૫ના સ્તર પર પહોંચી ગયા છે. આને પરિણામે ટાટા મોટર્સના માર્કેટ કેપિટલાઇઝેશનમાં રૂ. ૧.૯ લાખ કરોડનું ધોવાણ થયું છે. ચીન અને યુકે જેવા મુખ્ય બજારોમાં જગુઆર લેન્ડ રોવરની નબળી માગને કારણે રોકાણકારોમાં આ શેર માટેના સેન્ટિમેન્ટમાં ખાંચરો પડતા તેના શેરના ભાવમાં તીવ્ર ઘટાડો થયો છે.

યુરોપિયન બનાવટની કાર પર યુએસના સંભવિત આયાત ટેરિફ અંગેની ચિંતા પણ શેરમાં સતત વેચવાલી અને પીછેહઠનું મહત્વનું કારણ છે. સ્થાનિક બજારમાં જોઇયેબતો મધ્યમ અને ભારે સેગમેન્ટના કમર્શિયલ વ્હિકલના વેચાણમાં નરમાઈ અને અન્ય કંપનીઓ તરફથી ઇલેક્ટ્રિક વ્હિકલની વધતી સ્પર્ધાને કારણે વધુ દબાણ આવી રહ્યું છે.



કોર્પોરેટ હલચલમાં આરઆરપી ઇલેક્ટ્રોનિક્સે યુએસ સ્થિત ડેકા ટેકનોલોજી ઇન્કોર્પોરેશન સાથે સેમિકન્ડક્ટર પેકેજિંગ માટે વ્યૂહાત્મક સહયોગ સાધવા એમઓયુ કરાર કર્યા છે. આરઆરપી ઇલેક્ટ્રોનિક્સ સેમિકન્ડક્ટર ઘટકોના એસેમ્બલિંગ અને પરીક્ષણમાં કુશળતા ધરાવે છે. ડેકા ટેક્નોલોજીસ ક્વોલકોમ, ઇન્ફિનિયોન અને એએસઇ ગ્રુપ જેવા ઉદ્યોગ દિગ્ગજોના સમર્થન સાથે અદ્યતન સેમિકન્ડક્ટર પેકેજિંગમાં અગ્રણી છે.

દરમિયાન, મહાશિવરાત્રી નિમિત્તે બુધવારે શેરબજાર બંધ રહ્યું હતું. સેન્સેક્સે મંગળવારે પાંચ દિવસની પીછેહઠને બ્રેક મારીને સાધારણ સુધારો નોંધાવ્યો હતો, જ્યારે નિફ્ટી મામૂલી ઘસરકા સાથે નેગેટિવ ઝોનમાં બંધ રહ્યો હતો. બેન્ચમાર્ક સેન્સેક્સ ૧૪૭.૭૧ પોઈન્ટ અથવા ૦.૨૦ ટકા વધીને ૭૪,૬૦૨.૧૨ પોઇન્ટની સપાટી પર, જ્યારે નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૫.૮૦ પોઈન્ટ અથવા ૦.૦૩ ટકાના ઘટાડા સાથે ૨૨,૫૪૭.૫૫ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો.

ટેલિકોમ્યુનિકેશન ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યો હતો, જ્યારે મેટલ, ઓઈલ એન્ડ ગેસ અને રિયલ્ટી શેરોમાં વેચવાલી હતી. એક્સચેન્જના માર્કેટ કેપમાં રૂ. ૧.૪૯ લાખ કરોડનો ઘટાડો નોંધાયો છે. સેન્સેક્સની ૧૭ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૧૩ સ્ક્રિપ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૦૬૨ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૬૭૮ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૨૫૩ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૩૧ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૪૯ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૨૩૪ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં મિડકેપ ૦.૫૭ ટકા અને સ્મોલકેપ ૦.૪૫ ટકા ઘટ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં આઈપીઓ ઈન્ડેક્સ ૦.૨૦ ટકા વધ્યો અને એસએમઈ આઈપીઓ ૧.૦૬ ટકા ઘટ્યો હતો. નિફ્ટી અને સેન્સેક્સમાં ફેબ્રુઆરીમાં અત્યાર સુધીમાં લગભગ ચાર ટકાથી મોટો ઘટાડો થયો છે, બીજા શબ્દોમાં ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ જોવા મળેલા તેમના શિખર સામે ઉક્ત બંને બેન્ચમાર્કમાં અનુક્રમે ૧૩.૮૦ ટકા અને ૧૨.૯૮ ટકા સુધીનું ધોવાણ થયું છે.

વિશ્લેષકો કહે છે કે નિફ્ટી ડેન્ઝર ઝોનમાં પ્રવેશી રહ્યો છે. નિફ્ટીમાં છેલ્લી વખત સતત પાંચ મહિનાનો ઘટાડો જુલાઈ અને નવેમ્બર ૧૯૯૬ વચ્ચે જોવા મળ્યો હતો. નિફ્ટીમાં ફક્ત બે વાર પાંચ મહિનાનો ઘટાડો જોવા મળ્યો છે, જ્યારે ૧૯૯૮ અને ૨૦૦૧માં ચાર મહિનાનો ઘટાડો જોવા મળ્યો છે. રેકોર્ડ પરનો સૌથી લાંબો ઘટાડો સપ્ટેમ્બર ૧૯૯૪થી એપ્રિલ ૧૯૯૫ વચ્ચે સતત આઠ મહિનાનો રહ્યો છે.

ભારતના બંને મુખ્ય બેન્ચમાર્ક સપ્ટેમ્બર ૨૦૨૪ના તેમના રેકોર્ડ ઉચ્ચતમ સ્તરથી અંદાજે ૧૩ ટકા જેટલા ઘટ્યા છે, કોર્પોરેટ ક્ષેત્રના નબળા પરિણામ ઉપરાંત આગળ પણ કામગીરી નબળી રહેવાની આશંકા, ટ્રમ્પ ટેરિફ ટેરરને કારણે વિદેશી સંસ્થાકીય ફંડોની એકધારી વેચવાલી અને આંતરરાષ્ટ્રીય વેપારમાં વધી રહેલી અનિશ્ચિતતાને કારણે ઇક્વિટી માર્કેટનું મોરલ સાવ ખખડી ગયું છે. બજારના નિરીક્ષકોના મતે ચીન ફરી જોખમ બન્યું છે. ચીની શેરોમાં તીવ્ર ઉછાળો નજીકના ભવિષ્યમાં પણ અવરોધરૂપ છે. ચીની શેરબજાર આકર્ષક રહેવાને કારણે 'સેલ ઇન્ડિયા, બાય ચાઇના' વેપાર સૂત્ર થોડા સમય માટે ચાલુ રહી શકે છે.

ટેરિફ વોર અને ફેડરલના રેટ કટ અંગેના નકારાત્મક સંદેશ સાથે એફઆઇઆઇની અવિરત વેચવાલીને કારણે શેરબજારે સતત પીછેહઠ નોંધાવી રહ્યું છે. ટેરિફ વોર શરૂ થયા પછીના ખાસ કરીને ચીન અને યુરોપિયન સંઘના પ્રત્યાઘાતને કારણે ઇકિવટી ઇન્વેસ્ટર્સના સેન્ટિમેન્ટને ઠેસ પહોંચી છે. બજારની નજર ભારત અને અમેરિકાના મેક્રો ઇકોનોમિક ડેટા, ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા ટેરિફ પરના આગામી નિર્ણયો તેમ જ યુક્રેન અને રશિયા વચ્ચે શાંતિ વાટાઘાટો સંબંધિત અપડેટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.નિષ્ણાતોના મતે આ અઠવાડિયે માસિક ફ્યુચર્સ અને ઓપ્શન્સ કોન્ટ્રાક્ટની સમાપ્તી આવતી હોવાથી અફડાતફડી અને અસ્થિરતા વધી શકે છે.

ભારતીય અર્થતંત્રનો કપરો કાળ પૂરો

# ત્રીજા ત્રિમાસિકગાળામાં દેશમાં ૬.૩ ટકા વૃદ્ધિદરનો જર્મન બ્રોકરેજનો અંદાજ

મુંબઈઃ ભારતીય અર્થતંત્રનો ખરાબ સમયગાળો પૂરો થયો હોવાનું જણાઈ રહ્યું હોવાનું એક જર્મન બ્રોકરેજે તાજેતરમાં જણાવ્યું છે.

નોંધનીય બાબત એ છે કે ગત સપ્ટેમ્બબરના અંતના ત્રિમાસિકગાળામાં સતત સાતમાં ત્રિમાસિકગાળામમાં જીડીપીમાં ઘટાડાતરફી વલણ જળવાઈ રહેતાં ૫.૪ ટકાનો આર્થિક વૃદ્ધિદર જોવા મળ્યો હતો, પરંતુ હવે વર્તમાન નાણાકીય વર્ષનાં ત્રીજા ત્રિમાસિકગાળામાં ૬.૨ ટકાનો આર્થિક વૃદ્ધિદર જોવા મળે તેવી શક્યતા ડૉઈશ બૅન્કે વ્યક્ત કરી છે.

બૅન્કના વિશ્લેષકે જણાવ્યું હતું કે ભારતની આર્થિક વૃદ્ધિની ચિંતા દૂર થઈ હોવાનું જણાય છે, પરંતુ આર્થિક વૃદ્ધિ ખોડંગાઈ જવાને કારણે સમગ્ર નાણાકીય વર્ષ ૨૦૨૬નો આર્થિક વૃદ્ધિદર સાત ટકાની નીચે રહેશે. નોંધનીય બાબત એ છે કે આવતીકાલે (ગુરુવારે) જાહેર થનારા આર્થિક કામગીરી અંગેના ડેટાની જાહેરાત પૂર્વે ડૉઈશ બૅન્કનો આ અહેવાલ આવ્યો છે. જોકે, વિશ્લેષકે એમ પણ જણાવ્યું હતું કે અગાઉ જાહેર થયેલા ડેટામાં ફેરફાર કરવામાં આવે તેવી શક્યતાને ધ્યાનમાં લેતાં અમારે અંદાજ જાહેર કરવામાં સાવચેતીનું વલણ રાખવામાં આવ્યું છે.

વધુમાં બ્રોકરેજે જણાવ્યું હતું કે ૬૫ ઊંચી ફ્રિક્વન્સી ધરાવતા પરિમાણોને ધ્યાનમાં લઈને ૬.૨ ટકાના વૃદ્ધિદરનો અંદાજ મૂકવામાં આવ્યો છે. તેમ જ બ્રોકરેજે આગામી એપ્રિલ મહિનાની નાણાનીતિની સમીક્ષાની બેઠકમાં રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા આર્થિક વૃદ્ધિને ટેકો આપવા માટે વધુ ૨૫ બેસિસ પૉઈન્ટનો રેટ કટ કરે તેવી શક્યતા વ્યક્ત કરી છે.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની છેલ્લી નીતિવિષયક બેઠકની મિનિટ્સમાં છ સભ્યોની પેનલ પૈકીના તમામ સભ્યો એપ્રિલ મહિનાના રેટ કટ બાદ દરને સ્થિર રાખવા અને પ્રવાહિતા વધારવા માટેના પગલાં લેવા માટે સહમત થયા હતા.

# વૈશ્વિક સોનામાં સાંકડી વધઘટે ટકેલું વલણ ટ્રમ્પની ટેરિફ યોજનાઓ પર રોકાણકારોની નજર

લંડન/મુંબઈઃ ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર ગઈકાલે સોનામાં નફારૂપી વેચવાલીના દબાણ હેઠળ ભાવમાં બે ટકા જેટલો ઘટાડો આવ્યા બાદ લંડન ખાતે હાજરમાં સોનાના ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હતું અને વાયદામાં ઘટ્યા મથાળેથી ધીમો સુધારો આવ્યો હતો. તેમ જ ચાંદીના ભાવમાં પણ ઘટ્યા મથાળેથી વધી આવ્યા હતા. જોકે, ટ્રમ્પની ટેરિફ યોજનાઓથી રોકાણકારોમાં વૈશ્વિક સ્તરે ટ્રેડ વૉરની સ્થિતિ નિર્માણ થવાની ભીતિ સપાટી પર આવી છે. જોકે, આજે ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશન તેમ જ સ્થાનિક ઝવેરી બજાર મહાશિવરાત્રીની જાહેર રજા નિમિત્તે બંધ રહ્યું હતું.



ગત સોમવારે વિશ્વ બજારમાં સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૨૯૫૬.૧૫ ડૉલરની નવી ટોચે પહોંચ્યા બાદ ગઈકાલે નફારૂપી વેચવાલીના દબાણ હેઠળ ભાવ એક સપ્તાહની નીચી સપાટી સુધી પહોંચ્યા હતા. જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ સાંકડી વધઘટે અથડાઈને ઔંસદીઠ ૨૯૧૨.૬૯ ડૉલર આસપાસ ટકેલા રહ્યા હતા અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકાના સુધારા સાથે ૨૯૨૬.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ ઘટ્યા મથાળેથી ૦.૧ ટકાના સુધાર સામે ૩૧.૭૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. એકંદરે ગઈકાલે અમેરિકી ઈક્વિટી માર્કેટમાં અને બિટ કોઈનમાં નરમાઈનું વલણ જોવા મળ્યું હતું. જોકે, સોનામાં ઘટ્યા મથાળેથી બાર્ગેઈન હંન્ટિંગ રહેતાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું એક વિશ્લેષકે જણાવતા ઉમેર્યું હતું કે આ ઘટાડાને પગલે હાજરમાં માગ ખૂલવાની તેમ જ રોકાણલક્ષી માગનો ટેકો મળે તેવી શક્યતા નકારી ન શકાય. દરમિયાન ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે અમેરિકા ખાતે આયાત થતાં કોપર સામે કયા નવાં ટેરિફ લાદી શકાય તેમ છે તેની તપાસ કરવા આદેશ આપ્યાના અહેવાલ હતા. એકંદરે ટ્રમ્પની ટેરિફ યોજનાઓને કારણે ફુગાવાલક્ષી દબાણ વધતાં ફેડરલ રિઝર્વ માટે વ્યાજદરમાં કપાતનો અવકાશ ઓછો થતો હોવા છતાં આર્થિક અનિશ્ચિતતાઓને ધ્યાનમાં લેતાં સોનામાં રોકાણકારોની સલામતી માટેની માગનો ટેકો મળી રહ્યો છે.

હવે રોકાણકારોની નજર આ સપ્તાહના અંતે જાહેર થનારા અમેરિકાના પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચરના ડેટા પર સ્થિર થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. વૈશ્વિક સોનાના ભાવ ટૂંક સમયમાં ઔંસદીઠ ૩૦૦૦ ડૉલરની સપાટીએ પહોંચે તેવી શક્યતા જણાઈ રહી હતી, પરંતુ નફારૂપી વેચવાલીના દબાણને કારણે ભાવમાં પીછેહઠ જોવા મળી હોવાનું કિનેસિસ મનીનાં વિશ્લેષક ફ્રેન્ક વૉટ્સને જણાવતાં ઉમેર્યું હતું કે ભવિષ્યમાં સોનાની વધઘટનો આધાર મુખ્યત્વે કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલી પર અવલંબિત રહે તેમ જણાય છે.

# એશિયન શેરબજારોમાં મિશ્ર હવામાન, જોકે, ચાઇનીઝ શૅરબજારમાં તેજી

બેંગકોકઃ વોલ સ્ટ્રીટના ઘટાડા પાછળ એશિયન શેરબજારોમાં મિશ્ર હવામાન, જોકે, ચાઇનીઝ શેરબજારમાં તેજી જોવા મળી હતી. ઇન્ફ્લેશન અને ટેરિફ વોરની ચિંતા પાછળ વોલ સ્ટ્રીટે પીછેહઠ ચાલુ રાખી હતી. જોકે, ટેકનોલોજી કંપનીઓના શેરમાં કરંટ આવવાને કારણે ચાઇનીઝ શેરબજારમાં તેજી જોવા મળી હતી. હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ ૨.૫ ટકાના ઉછાળા સાથે ૨૩,૬૧૯.૨૪ પોઇન્ટના સ્તર પર પહોંચ્યો, જ્યારે શાંઘાઈ કમ્પોઝિટ ઇન્ડેક્સ ૦.૫૦ ટકા વધીને ૩,૩૬૨.૬૩ પોઇન્ટની સપાટી પર પહોંચ્યો હતો.

ફૂડ ડિલિવરી કંપની મેઇટુઆનનો શેર હોંગકોંગ શેરબજારમાં ૬.૧૦ ટકા ઊછળ્યો હતો, જ્યારે ઇ-કોમર્સ જાયન્ટ અલીબાબામાં ૪.૮૦ ટકાનો ઉછાળો હતો. ગેમિંગ અને ટેકનોલોજી કંપની ટેન્સેન્ટ હોલ્ડિંગ્સ ૩.૬૦ ટકા વધ્યો હતો અને સર્ચ એન્જિન અને એઆઇ કંપની બાયડુમાં ૨.૮ ટકાની જમ્પ હતી.

ટેકનોલોજી કંપનીઓ પર વર્ષોથી કડક કાર્યવાહી પછી બેઇજિંગે ખાનગી ક્ષેત્રને મજબૂત ટેકો આપવાનો સંકેત આપ્યો હોવાથી આવી કંપનીઓએ થોડી મજબૂતી મેળવી છે.

આ પ્રાંતમાં અન્યત્ર, ટોકિયોનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ ૦.૮ ટકા ઘટીને ૩૭,૯૨૮.૯૬ પોઇન્ટના સ્તર પર બંધ રહ્યો, જ્યારે સિઓલમાં કોસ્પી ૦.૨૦ ટકા વધીને ૨,૬૩૫.૪૫ પોઇન્ટની સપાટી પર બંધ રહ્યો હતો. ઓસ્ટ્રેલિયાનો એસએન્ડપી એએસએક્સ ૨૦૦ ઇન્ડેક્સ ૦.૨૦ ટકા ઘટીને ૮,૨૩૨.૭૦ પોઇન્ટની સપાટી પર બંધ રહ્યો હતો. તાઇવાનમાં તાઇએક્સ ઇન્ડેક્સ ૦.૩૦ ટકા વધ્યો હતો, જ્યારે થાઇલેન્ડનો એસઇટી ઇન્ડેક્સ ૦.૮૦ ટકા વધ્યો હતો.

મંગળવારે, વોલ સ્ટ્રીટના કેટલાક તેજસ્વી તારાઓએ તેમની ચમક ગુમાવી દીધી હતી. એક અહેવાલ મુજબ કે અમેરિકન ઇન્વેસ્ટર્સ અર્થતંત્ર પ્રત્યે વધુ નિરાશાવાદી બની રહ્યા છે. એસએન્ડપી ૫૦૦ ઇન્ડેક્સ ૦.૫૦ ટકા ઘટીને ૫,૯૫૫.૨૫ પોઇન્ટના સ્તર પર બંધ રહ્યો, જે દિવસ દરમિયાન ૧.૨૦ ટકા જેટલો નીચા સ્તરે પટકાયો હતો.

અનેક પ્રભાવશાળી મોટી ટેકનોલોજી કંપનીઓએ ગતિ ગુમાવી નીચા સ્તરે ગબડવા માંડી હોવાને કારણે નેસ્ડેક કમ્પોઝિટ ૧.૪૦ ટકા ઘટીને ૧૯,૦૨૬.૩૯ પોઇન્ટના સ્તર પર બંધ રહ્યો હતો, પરંતુ તેમ છતાં અન્ય મોટાભાગના શેર વધ્યા હોવાને કારણે ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજ ઇન્ડેક્સ ૦.૪૦ ટકા વધીને ૪૩,૬૨૧.૧૬ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો હતો.

એનવિડિઆમાં ૨.૮૦ ટકાનો જ્યારે ટેસ્લામાં ૮.૪૦ ટકાનો મોટો કડાકો જોવા મળ્યો હતો. એનવિડિઆના નાણાકીય પરિણામ મોડી સાંજે જાહેર થવાના છે. ચીની અપસ્ટાર્ટ, ડીપસીક દ્વારા આર્ટિફિશિઅલ ઇનટેલિજેન્સ ઉદ્યોગને હચમચાવી નંખાયા પછીનો એનવિડિઆનો આ પ્રથમ કમાણી અહેવાલ છે.

ડિપસીકે એવો દાવો કર્યો હતો કે, તેણે એક વિશાળ ભાષા મોડેલ વિકસાવ્યું છે, જે સૌથી મોંઘા ચિપ્સનો ઉપયોગ કર્યા વિના અમેરિકાના જાયન્ટ હરીફો સાથે સ્પર્ધા કરી શકે છે. આનાથી વોલ સ્ટ્રીટ હચમચી ગયું હતું, કારણ કે તેની અસર ફક્ત એનવિડિઆ પર જ નહીં પરંતુ એઆઇની આખી ઇકોસિસ્ટમ પર પણ થશે.

અપેક્ષા કરતાં નબળા આર્થિક અહેવાલોએ તાજેતરના મહિનાઓમાં વોલ સ્ટ્રીટને વારંવાર ફટકો માર્યો છે.

ગ્લોબલ ઓબ્ઝર્વર જણાવે છે કે, અમેરિકન અર્થતંત્ર હજુ પણ મજબૂત સ્થિતિમાં દેખાય છે અને હાલમાં વૃદ્ધિ ચાલુ છે. પરંતુ જૂન પછી પહેલીવાર ટૂંકા ગાળામાં અર્થતંત્ર માટે ગ્રાહકોની અપેક્ષાઓનું માપ એક થ્રેશોલ્ડથી નીચે આવી ગયું છે જે સામાન્ય રીતે આગળ મંદીનો સંકેત આપે છે.

ધ કોન્ફરન્સ બોર્ડ અનુસાર અમેરિકાના અર્થતંત્ર અંગેના સર્વેક્ષણમાં ઉચ્ચ અને ઓછી આવક ધરાવતા પરિવારો, તેમજ વૃદ્ધ અને યુવાન બંનેમાં નિરાશાવાદ ફેલાયેલો જોવા મળ્યો હતો. વોલ સ્ટ્રીટ કન્ઝ્યુમર કોન્ફિડેન્સને ટ્રેક કરે છે કારણ કે મજબૂત ખર્ચ એ મંદીને રોકવામાં મદદ કરે છે. મંગળવારના અહેવાલમાં મિશિગન યુનિવર્સિટીના અગાઉના અહેવાલમાં સૂચવેલા સૂચનોનો પડઘો પડ્યો હતો, જેમાં જાણવા મળ્યું કે ગ્રાહકો વર્તમાન પરિસ્થિતિને ઠીક માને છે, પરંતુ તેઓ ભવિષ્ય વિશે ચિંતિત છે.

બુધવારની શરૂઆતમાં અન્ય એસેટ ક્લાસમાં બિટકોઇન ૮૮,૮૦૦ પર ટ્રેડ થઈ રહ્યો હતો. અનિશ્ચિતતાના સમયમાં રોકાણકારો સામાન્ય રીતે સુરક્ષિત માનવામાં આવતા રોકાણ તરફ આકર્ષાયા હોવાથી ટ્રેઝરી યીલ્ડમાં ફરી ઉથલપાથલ મચી છે. પ્રેસિડેન્ટ ડોનલ્ડ ટ્રમ્પની ચૂંટણી પછીથી ટેરિફ, ઇમિગ્રેશન અને ટેક્સ પરની તેમની નીતિઓ વૈશ્વિક અર્થતંત્રને કેવી અસર કરી શકે છે તેની ચિંતા વચ્ચે ટ્રેઝરી યિલ્ડમાં હલચલ વધી છે.

ટ્રમ્પે તાજેતરમાં યુ.એસ. ટ્રેડ પાર્ટનર્સનો વિરોધ કર્યો છે અને ટેરિફ વધારવાની ધમકી આપવા ઉપરાંત તેમને તેમના પોતાના આયાત કરવેરા સાથે બદલો લેવા આમંત્રણ આપ્યું છે.

ટ્રમ્પે સોમવારે કહ્યું હતું કે કેનેડા અને મેક્સિકોથી આયાત પર ટેરિફ વધારો એક મહિનાના વિલંબ પછી આગળ વધશે. મંગળવારે ફરી કોપરની આયત સામે નવી ટેરિફ લાદવાની તૈયારી જાહેર કરી હતી.

અનિલ જોશી – સ્માંરણાંજલિ (આઠમા પાનાનું ચાલુ )

## મૃદુ મિજાજના એક લડા્યક કવિ

માત્ર બીએ પાસ કવિને મુંબઈ મ્યુનીસીપલ કોર્પોરેશનની શાળાઓના 'લેન્ગવેજ ઓફિસર' બનાવ્યા, જે પોસ્ટ પર વર્ષો પહેલાં મણીલાલ નભુભાઈ દ્વિવેદી જેવા વિદ્વાન હતા. સરકારી મકાન પણ આપ્યું. ઔર જીને કો ક્યા ચાહિયે! મુંબઈએ કવિનાં બધાં સપનાં સાકાર કર્યાં.

કેટલાક સર્જક બહુ સારા કવિ હોય છે અને કેટલાક બહુ સારા લેખક, પણ કાવ્ય અને ગદ્ય બંને ક્ષેત્રે સરખા શ્રેષ્ઠ હોય એવા સવ્યસાચી સાહિત્ય ક્ષેત્રે બહુ ઓછા હોય છે. અનિલ જોશી એમાંના એક વિરલ સર્જક હતા, કવિ તંત્રી હરીન્દ્ર દવેએ એકવાર અનિલ જોશીને કહ્યું, કે 'અમારા 'જનશક્તિ'માં તમે કાંક લખો.' અનિલ જોશીએ વિવેકપૂર્વક ના પાડી, કે હું તો કવિ છું, કવિતા લખું, મારાથી છાપામાં લેખ કઈ રીતે લખાય.? લો બોલો, ત્યારે અને આજે પણ છાપામાં કોલમ લખવા તો કેવા કેવા ખેલ થાય છે.

કવિ તો આ વાત ભૂલી પણ ગયા, પણ હરીન્દ્ર દવે આ મામલે ગંભીર હતા. એમણે અઠવાડિયા પછી ફોન કરીને ઉઘરાણી કરી, કે લેખનું ટાઈટલ બોલો, મારે બ્લોક બનાવવો છે. કવિએ ફોન પર જ લખાવ્યું, 'વસંત એટલે ભૂલ કરવાની ઋતુ અને આમ આપણને ગુજરાતીમાં વધુ એક ઉત્કૃષ્ટ ગદ્ય લેખક મળ્યા. વસંતની એક ભૂલથી શરુ થયેલો સિલસિલો વાયા 'સ્ટેચ્યુ' અને આત્મકથા 'ગાંસડી ઉપાડી શેઠની' થઇ, આજે 'વાતવિસામો' સુધી પહોંચ્યો.

પાછળથી હસમુખ ગાંધીના નવા શરુ થયેલા 'સમકાલીન'માં લઇ ગયા, જ્યાં અનિલ જોશીમાનો પત્રકાર પણ પૂરબહારમાં ખીલ્યો. એક જૈન મુનિના સેક્સ કાંડ પર અનિલ જોશીએ એવી તો ધારદાર કલમ ચલાવી, કે જૈનો જેવી અહિંસક પ્રજા હિંસક બની અને અનિલ જોશીને મોતની ધમકીઓ મળવા માંડી. ત્યારે મહારાષ્ટ્ર સરકારે એમને પોલીસ પ્રોટેક્શન આપવું પડ્યું. જો કે કવિ સંમેલનોમાં પોલીસ પ્રોટેક્શન સાથે જવું કવિને અડવું લાગતા આખરે એમણે પોતે જ પોલીસ પ્રોટેક્શન સરકારને સાભાર પરત કર્યું.

સમકાલીન'માં જ બીજો એવો યાદગાર પ્રસંગ 'સેક્સ પર સેમિનાર'નો' છે, જેમાં આપણા કવિને એક જેન્યુઈન મુદ્દો એ ખૂંચ્યો, કે સેક્સ વિશેના સેમિનારમાં બધા વક્તા પુરુષો જ કેમ? સ્ત્રીઓ કેમ નહિ? વળી આમાં ઓથોરિટી તો કમાટીપુરાની સેક્સ વર્કરની ગણાય.

આ બધા સેમિનારમાં કેમ નહિ? એમણે પોતાની કોલમમાં એ હેડીંગ સાથે લખ્યું, કે 'ગુજરાતીઓ સેક્સની બાબતમાં સ્વનિર્ભર'. આ લેખ સેમિનારના દિવસે સવારે જ પ્રગટ થયો અને સ્વાભાવિક જ સાંજે સેમિનારની કસુવાવડ થઇ ગયેલી!

## 'હા હું ગુજરાતી ભાષાની ખેતી

અનિલ જોશી પાસે માત્ર એક જ કલાકના સમયમાં ફિલ્મનું એક સિચ્યુએશનલ સૉન્ગ લખાવેલું. એમને 'વેસ્ટ એન્ડ હોટેલ'ની એક રૂમમાં પૂરી દીધેલા અને મડિયાએ કહ્યુંઃ 'કવિ, સમય બહુ ઓછો છે. કાલે રેકોર્ડિંગ છે. માત્ર દોઢ કલાકનો સમય છે.' કવિ અનિલ જોશીને ફરમાશથી લખવાની આદત નહીં. અનિલભાઈએ એ વિશે કહેલુંઃ

'મારી જિંદગીમાં મેં આટલી ઝડપથી રેડીમેડ સિચ્યુએશન પર ક્યારેય ગીત લખ્યું નહોતું, પણ દોઢ જ કલાકમાં લખાઈ ગયું..' બાય ધ વે, એ ગીત આજની તારીખે પણ એટલું લોકપ્રિય છેઃ

'ઝીણાં ઝીણાં રે આંકેથી અમને ચાળિયાં

કાયા લોટ થઈને ઊડી માયા તોય હજી ના છૂટી

ડંખે સૂની મેડી ને સૂનાં જાળિયાં..

સૂની ડેલીને જોઈ પૂછશો ના કોઈ કે અવસરિયાં કેમ નથી આવતાં?

પાંદડું તૂટે તો લોહી નીકળશે ડાળને એટલે તોરણ નથી રે બાંધતા...

આજે ગુજરાતી ગીતોનું તોરણ તૂટી ગયું. હવે જ્યારે જ્યારે તળપદી સાચી ગુજરાતીની વેવલાઈ વગરની વેદનાની વાત આવશે ત્યારે અનિલ જોશી ખોબલે ખોબલે યાદ આવશે. એમના વિના એમના જોગેશ્વરી હાઇવે પાસેના પંચાવનમા માળના ફ્લૅટની ખાલી બાલ્કની હવે સૂની મેડીની જેમ સદાય ડંખશે.

# ખાદ્યતેલમાં રજાના માહોલમાં નિરસ કામકાજે ટકેલું વલણ

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૨૬ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં આજે ૪૨ રિંગિટનો સુધારો આવ્યાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિકમાં મહાશિવરાત્રીની જાહેર રજા ઉપરાંત બૅન્કો પણ બંધ રહી હોવાથી એકંદરે કામકાજો નિરસ રહ્યાં હતાં અને માત્ર છૂટાછવાયા રવાનગીના કામકાજો થયા હોવાનું સૂત્રોએ જણાવતાં ઉમેર્યું હતું કે હાજર ધોરણે દેશી-આયાતી તેલના ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૦૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૭૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૫૦ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે રિલાયન્સ રિટેલ અને ઓલામના આરબીડી પામોલિનના રૂ. ૧૩૮૦ અને એએનએના આરબીડી પામોલિનના રૂ. ૧૩૭૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૮૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૬૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૩૦, સિંગતેલના રૂ. ૧૪૮૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૬૦ અને સરસવના રૂ. ૧૩૬૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતનાં મથકો પર દેશાવરોની માગને ટેકે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૧૦ વધીને રૂ. ૨૨૯૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫ વધીને રૂ. ૧૪૪૦ના મથાળે થયાના અહેવાલ હતા.